नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

આગમ-૩૦/૧

# ગચ્છાચાર

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૩૦/૧

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૩૦/૧) ગચ્છાચાર

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડો૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૩૦/૧ ‘ગચ્છાચાર’

## પ્રકીર્ણક સૂત્ર-૭/૧ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | મંગલ આદિ | ૦૬ | ૪ | ગુરુનું સ્વરૂપ | ૦૮ |
| ૨ | ગચ્છમાં વસનારના ગુણો | ૦૬ | ૫ | સાધ્વી-સ્વરૂપ | ૧૩ |
| ૩ | આચાર્યનું સ્વરૂપ | ૦૭ | ૬ | ઉપસંહાર | ૧૫ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | मूल आगम साहित्य:- | 147 | 5 | आगम अनुक्रम साहित्य:- | 09 |
| | -1- आगमसुत्ताणि-मूलं print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | -2- आगमसुत्ताणि-मूलं Net | [45] | | -2- आगम विषयानुक्रम (सटीकं) | 04 |
| | -3- आगममञ्जूषा (मूल प्रत) | [53] | | -3- आगम सूत्र-गाथा अनुक्रम | 03 |
| 2 | आगम अनुवाद साहित्य:- | 165 | 6 | आगम अन्य साहित्य:- | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- आगमसूत्र हिन्दी अनुवाद Net | [47] | | -2- आगम संबंधी साहित्य | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | -3- ऋषिभाषित सूत्राणि | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | -4- आगमिय सूक्तावली | 01 |
| | -5- आगमसूत्र हिन्दी अनुवाद print | [12] | | आगम साहित्य- कुल पुस्तक | 518 |
| 3 | आगम विवेचन साहित्य:- | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- आगमसूत्र सटीकं | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- आगम मूलं एवं वृत्ति -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- आगम मूलं एवं वृत्ति -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- आगम चूर्णि साहित्य | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- सवृत्तिक आगमसूत्राणि-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- सवृत्तिक आगमसूत्राणि-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- सचूर्णिक आगमसुत्ताणि | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | आगम कोष साहित्य:- | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- आगम सद्दकोसो | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- आगम कहाकोसो | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- आगम-सागर-कोष: | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- आगमशब्दादिसंग्रह (प्रा-सं-गु) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- आगम बृहत् नाम कोष: | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-આગમ સાહિત્ય (કુલ પુસ્તક) 518**

**2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) 085**

**દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603**

# [૩૦/૧] ગચ્છાચાર

## પ્રકીર્ણકસૂત્ર–૭/૧– ગુજરાતી ભાવાનુવાદ

ગાથા–૧

દેવેન્દ્રોથી નમિત, મહાભાગ, શ્રી મહાવીરને નમસ્કાર કરીને હું શ્રુતસમુદાયથી કંઈક ઉદ્ધરી ગચ્છાચાર કહીશ.

ગાથા–૨

ગૌતમ ! અહીં એવા પણ જીવો છે, જે ઉન્માર્ગ પ્રતિષ્ઠિત ગચ્છમાં રહીને ભવ-પરંપરામાં ભમે છે.

ગાથા–૩ થી ૭

૩. હે ગૌતમ ! અર્ધપ્રહર, એક પ્રહર, દિવસ, પક્ષ, માસ કે વર્ષ પર્યન્ત પણ...

૪. સન્માર્ગગામી ગચ્છમાં વસનાર આળસુ, નિરુત્સાહી અને વિમનસ્ક મુનિ પણ...

૫. બીજા મહાપ્રભાવવાળા સાધુઓને સર્વ ક્રિયામાં અલ્પસત્ત્વી જીવોથી ન થઈ શકે એવા તપાદિરૂપ ઉદ્યમ કરતા જોઈને, લજ્જા અને શંકા ત્યજી ધર્માનુષ્ઠાનમાં ઉત્સાહ ધરે છે.

૬. વળી ગૌતમ ! વીર્યોત્સાહ વડે જ જીવે જન્માંતરોમાં કરેલા પાપો મુહૂર્ત્ત માત્રમાં બળીને ભસ્મ થઈ જાય છે

૭. માટે સારી રીતે પરીક્ષા કરીને જે ગચ્છ સન્માર્ગ પ્રતિષ્ઠિત હોય તેમાં જીવનપર્યન્ત વસવું. કેમ કે હે ગૌતમ! સંયત હોય તે જ મુનિ છે.

ગાથા–૮

આચાર્ય ગચ્છને માટે મેઢી સમાન, આલંબન સમાન, સ્તંભ સમાન, દૃષ્ટિ સમાન અને ઉત્તમ યાન સમાન છે, તેથી તેની પરીક્ષા કરવી.

ગાથા–૯ થી ૧૧

૯. ભગવન્ ! કયા ચિહ્નોથી છદ્મસ્થ ઉન્માર્ગગામી આચાર્યને જાણે ? તે મને કહો.

૧૦. સ્વચ્છંદાચારી, દુઃશીલ, આરંભમાં પ્રવર્તાવનાર, પીઠ ફલકાદિમાં પ્રતિબદ્ધ, અપ્કાયના હિંસક,

૧૧. મૂલ-ઉત્તર ગુણ ભ્રષ્ટ, સામાચારી વિરાધક, નિત્ય આલોચન ન કરનાર, નિત્ય વિકથા પરાયણ તે આચાર્ય અધમ જાણવા.

ગાથા–૧૨, ૧૩

૧૨. છત્રીશ ગુણયુક્ત, અતિશય વ્યવહારકુશલ આચાર્યએ પણ બીજાની સાક્ષીએ અવશ્ય આલોચનારૂપી વિશુદ્ધિ કરવી.

**૧૩.** જેમ અતિ કુશળ વૈદ્ય, બીજાને પોતાની વ્યાધિ કહે છે, અને વૈદ્યે કહેલું સાંભળીને તે કર્મ આચરે છે.

ગાથા–૧૪

દેશ અને ક્ષેત્રને તથા દ્રવ્ય, કાલ અને ભાવને જાણીને વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રય અને સાધુવર્ગનો સંગ્રહ કરે તેમજ સૂત્રાર્થનું ચિંતન કરે.તે સારા આચાર્ય જાણવા.

ગાથા–૧૫, ૧૬

૧૫. જે આચાર્ય આગમોક્ત વિધિથી શિષ્યનો સંગ્રહ અને તેઓને ઉપગ્રહ કરતા નથી, સાધુ-સાધ્વીને દીક્ષા આપીને સામાચારી શીખવતા નથી,

બાળ શિષ્યોને ગાય વાછરડાને જીભ વડે ચાટે તેમ ચુંબન કરે, સન્માર્ગ ગ્રહણ ન કરાવે, તે આચાર્યને શિષ્યોના વૈરી જાણવા.

**ગાથા–૧૭**

જે આચાર્ય શિષ્યોને સ્નેહથી ચૂમે પણ તેને સારણાદિ ન કરે, તે શ્રેષ્ઠ નથી, પણ દંડ વડે તાડન કરીને પણ જેમાં સારણાદિ છે, તે આચાર્ય શ્રેષ્ઠ છે.

**ગાથા–૧૮**

શિષ્ય પણ, જો પ્રમાદરૂપી મદિરાથી ગ્રસ્ત અને સામાચારી વિરાધક ગુરુને બોધ ન કરે તો તે વૈરી જ છે.

**ગાથા–૧૯**

પ્રમાદી ગુરુને બોધ કરતા કહે– હે મુનિવર ! તમારા જેવા પુરુષો પણ પ્રમાદાધીન થાય, તો અમને સંસારમાં બીજા કોનું આલંબન થશે ?

**ગાથા– ૨૦**

જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં એ ત્રણે સિદ્ધાંતસારમાં જે પોતાને અને ગચ્છને સ્થિર કરવા પ્રેરે તે આચાર્ય.

**ગાથા–૨૧**

પિંડ, ઉપધિ, શય્યા એ ત્રણે ઉદ્‌ગમ-ઉત્પાદન અને એષણા શુદ્ધ અને ચારિત્રના રક્ષણાર્થે લે, તે ચારિત્ર છે.

**ગાથા–૨૨**

બીજાએ કહેલ ગુહ્ય પ્રગટ ન કરે, સર્વથા સર્વે કાર્યોમાં અવિપરિત જોનાર, ચક્ષુ માફક બાળ અને વૃદ્ધથી સંકીર્ણ ગચ્છને રક્ષે.

**ગાથા–૨૩, ૨૪**

૨૩. જે આચાર્ય સુખશીલાદિ ગુણો વડે નવકલ્પ કે ગીતાર્થરૂપ વિહારને શિથિલ કરે છે, તે સંયમયોગ વડે નિઃસાર માત્ર વેશધારી જ છે.

૨૪. કુળ-ગામ-નગર-રાજ્ય તજીને જે ફરી તેમાં જ મમત્વ કરે છે, તે સંયમયોગથી નિઃસાર માત્ર વેશધારી છે.

**ગાથા–૨૫ થી ૨૭**

૨૫. જે આચાર્ય વિધિપૂર્વક પ્રેરણા કરે, સૂત્ર અને અર્થ ભણાવે તે ધન્ય છે, તે પવિત્ર છે, બંધુ છે, તેમજ મોક્ષદાયક છે,

૨૬. તે જ આચાર્ય ભવ્ય જીવોને ચક્ષુભૂત કહેલ છે, તે જિનેશ્વરે બતાવેલ અનુષ્ઠાન પણ યથાર્થ બતાવે છે.

૨૭. જે આચાર્ય સમ્યક્ જિનમત પ્રકાશે છે, તે તીર્થંકર સમાન છે, જે આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તે કાપુરુષ છે, સત્પુરુષ નથી.

**ગાથા–૨૮**

ભ્રષ્ટાચારી આચાર્ય, ભ્રષ્ટાચારી સાધુની ઉપેક્ષા કરનાર આચાર્ય, ઉન્માર્ગસ્થિત આચાર્ય, ત્રણે જ્ઞાન આદિ માર્ગનો નાશ કરે છે.

**ગાથા–૨૯**

ઉન્માર્ગસ્થિત, સન્માર્ગનાશક આચાર્યને જે સેવે છે, હે ગૌતમ ! જરૂર તે પોતાના આત્માને સંસારમાં પાડે છે.

**ગાથા–૩૦**

અયોગ્ય તરનાર મનુષ્ય ઘણાને ડૂબાડે, તેમ ઉન્માર્ગ સ્થિત એક પણ આચાર્ય તેના માર્ગને અનુસરનારા ભવ્ય જીવોના સમૂહનો નાશ પમાડે છે.

ગાથા–૩૧

ઉન્માર્ગગામી માર્ગે ચાલનારા અને સન્માર્ગનાશક સાધુને હે ગૌતમ! અનંત સંસાર નિશ્ચે થાય છે.

ગાથા–૩૨

પોતે પ્રમાદી હોય તો પણ શુદ્ધ સાધુમાર્ગને કહેતો અને પોતાને સાધુ કે શ્રાવક સિવાયના ત્રીજા પક્ષમાં સ્થાપે, પણ તેથી વિપરીત અશુદ્ધ માર્ગને પ્રરુપનારો પોતાને ગૃહસ્થધર્મથી ભ્રષ્ટ કરે છે.

ગાથા–૩૩, ૩૪

૩૩. જો જિનભાષિત અનુષ્ઠાન કદાચ સમ્યક્‌પણે ન કરી(આચરી) શકે તો પણ વિતરાગ- જિનેશ્વરે કહેલ છે, તેને સમ્યક્ રીતે પ્રરૂપે...

૩૪. મુનિચર્યામાં શિથિલ હોવાછતાં પણ વિશુદ્ધ ચરણસિત્તરી અને કરણસિત્તરીની પ્રશંસા કરી પ્રરૂપણા કરનાર સુલભબોધી જીવ પોતાના કર્મોને શિથિલ કરે છે.

ગાથા–૩૫

સન્માર્ગમાં પ્રવર્તતા બીજા સાધુઓનું ઔષધ-ભૈષજાદિથી સમાધિ પમાડવારૂપ વાત્સલ્ય, મુનિપોતે કરે અને બીજા પાસે કરાવે.

ગાથા–૩૬

ત્રિલોકવર્તી જીવોએ જેના ચરણકમળને નમસ્કાર કર્યા છે, એવા કેટલાક હતા, છે અને હશે. જેમનો કાળ માત્ર બીજાનું હિત કરવાના એક લક્ષ્યપૂર્વક વીતે છે.

ગાથા–૩૭

ગૌતમ ! ભૂત-ભાવિ અને વર્તમાનમાં કોઈ એવા આચાર્યો છે કે જેમનું નામ ગ્રહણ માત્રથી પ્રાયશ્ચિત્ત લાગે.

ગાથા–૩૮

જેમ લોકમાં નોકર તથા વાહન શિક્ષા વિના સ્વેચ્છાચારી થાય છે, તેમ શિષ્ય પણ સ્વેચ્છાચારી થાય, માટે ગુરુએ પ્રતિપૃચ્છા અને પ્રેરણાદિ વડે શિષ્યવર્ગને હંમેશાં શિક્ષા આપવી.

ગાથા–૩૯

જે આચાર્યાદિ પ્રમાદ દોષથી કે આળસથી શિષ્ય વર્ગને પૂર્વવત્ પ્રેરણા આદિ કરતા નથી, તેઓને આજ્ઞા વિરાધક જાણવા.

ગાથા–૪૦

હે સૌમ્ય ! એ પ્રમાણે મેં સંક્ષેપથી ગુરુનું લક્ષણ વર્ણવ્યું, હે ધીર ! હવે સંક્ષેપથી ગચ્છનું લક્ષણ કહીશ. તેને તું શ્રવણ કર.

ગાથા–૪૧, ૪૨

૪૧. જે ગીતાર્થ સુસંવિગ્ન, આળસરહિત, દઢવ્રતી, અસ્ખલિત ચારિત્રવાન, હંમેશાં રાગદ્વેષ વર્જિત,

૪૨. આઠ મદ રહિત, ક્ષીણકષાયી અને જિતેન્દ્રિય એવા તે છદ્મસ્થ મુનિની સાથે પણ કેવળી વિચરે, વસે.

ગાથા–૪૩

સંયત હોવા છતાં હે ગૌતમ ! પરમાર્થને ન જાણનાર અને દુર્ગતિપંથદાયક એવા અગીતાર્થને દૂરથી જ તજવા.

ગાથા–૪૪, ૪૫

૪૪. ગીતાર્થના વચને બુદ્ધિમાન્ માણસ હળાહળ ઝેર પણ નિઃશંકપણે પી જાય, કારણ પમાડે તેવા પદાર્થને પણ ખાઈ જાય.

૪૫. કેમ કે તે પરમાર્થથી ઝેર નથી, અમૃત રસાયણ છે. નિર્વિઘ્નકારી અને મારતું નથી, કદાચ મરણ પામે તો પણ અમર થાય છે.

ગાથા-૪૬, ૪૭

૪૬. અગીતાર્થના વચનથી અમૃત પણ ન પીવું, કેમ કે અગીતાર્થે કહેલ તે વાસ્તવિક અમૃત નથી.

૪૭. પરમાર્થથી તે અમૃત નહીં પણ હળાહળ ઝેર છે. તેનાથી અજરામર ન થાય, પણ તત્ક્ષણ નાશ પામે.

ગાથા-૪૮

અગીતાર્થ અને કુશીલીયાના સંગને ત્રિવિધે તજી દે. કેમ કે પંથમાં ચોરો જેમ વિઘ્નકારી છે, તેમ આ મોક્ષમાર્ગમાં વિઘ્નકારી છે.

ગાથા-૪૯

દેદીપ્યમાન અગ્નિ જોઈ, તેમાં નિઃશંક પ્રવેશ કરીને પોતાને બાળી નાંખવા, પણ કુશીલીયાને આશ્રય ન કરવો.

ગાથા-૫૦

જે ગચ્છમાં ગુરુના પ્રેરિત શિષ્યો, રાગદ્વેષના પશ્ચાત્તાપ વડે ધગધગાયમાન અગ્નિ માફક સળગી ઊઠે છે, તે ગચ્છ, ગચ્છ નથી.

ગાથા-૫૧

ગચ્છ મહાપ્રભાવશાળી છે, કેમ કે તેમાં રહેનારાને વિપુલ નિર્જરા થાય છે. સારણ-વારણ-પ્રેરણાદિથી દોષપ્રાપ્તિ થતી નથી..

ગાથા-૫૨ થી ૫૬

૫૨. ગુરુની ઈચ્છાને અનુસરનાર, સુવિનીત, પરીષહ જીતનાર, ધીર, અભિમાન રહિત, લોલુપતા રહિત, ગારવરહિત તથા વિકથાથી રહિત

૫૩.. ક્ષાંત, દાંત, ગુપ્ત, મુક્ત, વૈરાગ્યમાર્ગ લીન, દશવિધ સામાચારીમાં, આવશ્યકમાં, સંયમમાં ઉદ્યુત

૫૪. ખર-કઠોર-કર્કશ, અનિષ્ટ અને દુષ્ટવાણીથી તેમજ તિરસ્કાર અને કાઢી મૂકવા વડે પણ જેઓ દ્વેષ ન કરે.

૫૫. જે અપકીર્તિ ન કરે, અપયશ ન કરે, અકાર્ય ન કરે અને કંઠે પ્રાણ આવે તો પણ પ્રવચન મલિન ન કરે.,

૫૬. કાર્ય કે અકાર્યમાં ગુરુજી જો કઠોર-કર્કશ-દુષ્ટ-નિષ્ઠુર ભાષાથી કંઈ કહે તો શિષ્યો 'તહત્તિ' કહી સ્વીકારે, તેને હે ગૌતમ ! ગચ્છ જાણ.

ગાથા-૫૭ થી ૫૯

૫૭. પાત્ર આદિમાં મમત્વરહિત, શરીરમાં પણ સ્પૃહા વિનાના, યાત્રા-માત્રા આહારમાં એષણાના ૪૨ દોષ રહિત લેવામાં કુશળ છે.

૫૮. ઉક્ત નિર્દોષ આહાર પણ રૂપ અને રસને માટે નહીં, વર્ણ કે દર્પના માટે નહીં, પણ સંયમભારના વહન અર્થે છે, જેથી અક્ષોપાંગવત્ વહન થઈ શકે.

૫૯. ક્ષુધા વેદના, વૈયાવચ્ચ, ઈર્યાસમિત માટે, સંયમાર્થે, પ્રાણધારણાર્થે, ધર્મચિંતાર્થે આહાર વાપરે (ખાય).

ગાથા-૬૦

જ્યાં મોટા-નાનાનો તફાવત જાણી શકાય, જ્યેષ્ઠ વચનનું બહુમાન હોય, એક દિવસથી પણ જે મોટો હોય, તેની હેલણા ન થાય, હે ગૌતમ ! તેને ગચ્છ જાણ.

જે ગણમાં જ્યેષ્ઠ - વ્રત પર્યાયથી મોટા, કનિષ્ટ - દિક્ષા પર્યાયથી નાના, ચ - શબ્દથી મધ્યમપર્યાયી, તેઓ પ્રગટ પણે જણાય છે. કઈ રીતે ? જ્યેષ્ઠવચન બહુમાનથી. જેમ કે હે આર્ય ! હે ભદન્ત ! આદિ શબ્દોથી. અથવા જ્યેષ્ઠ

- પર્યાય ગુણથી વૃદ્ધ, વચન - આદેશ, તેમનું સન્માન જાળવીને. એક દિવસથી પણ જે જ્યેષ્ઠ હોય, તેની વચન ઉલ્લંઘનાદિથી હીલના ન થાય. પર્યાયથી લઘુ પણ ગુણમાં વૃદ્ધ હોય, તેની પણ હેલના ન થાય, જેમ વજ્રસ્વામી,

તેને ગચ્છ જાણવો. હવે આર્યા સંબંધી કથન કરે છે –

ગાથા–૬૧, ૬૨

૬૧. ભયંકર દુષ્કાળ હોય, તેવા સમયે પ્રાણનો ત્યાગ થાય તો પણ સાધ્વીનો લાવેલ આહાર સહસા ન ખાય, હે ગૌતમ ! તેને ગચ્છ જાણવો.

૬૨. તથા જે ગચ્છમાં સાધ્વી સાથે દાંત પડી ગયેલ એવો સ્થવિર પણ આલાપ-સંલાપ ન કરે, સ્ત્રીના અંગોપાંગ ન ચિંતવે તે ગચ્છ છે.

ગાથા–૬૩ થી ૭૧

૬૩. અપ્રમત્તો ! અગ્નિ અને વિષ સમાન સાધ્વીનો સંસર્ગ છોડી દો. સાધ્વીને અનુસરનારો સાધુ થોડા જ કાળમાં જરૂર અપકીર્તિ પામે.

૬૪. વૃદ્ધ, તપસ્વી, બહુશ્રુત, પ્રમાણભૂત મુનિને પણ સાધ્વીનો સંસર્ગ લોકનિંદાનો હેતુ થાય છે.

૬૫. તો પછી યુવાન, અલ્પશ્રુત, થોડો તપ કરનાર એવાને સાધ્વી સંસર્ગ લોકનિંદાનો હેતુ કેમ ન થાય ?

૬૬. જો કે પોતે દૃઢ અંતઃકરણવાળો હોય તો પણ સંસર્ગ વધતા અગ્નિ સમીપે જેમ ઘી ઓગળી જાય તેમ તે મુનિનું ચિત્ત સાધ્વી સમીપે વિલીન થાય છે.

૬૭. સર્વ સ્ત્રીવર્ગમાં હંમેશાં અપ્રમત્તપણે વિશ્વાસ રહિત વર્તે તો તે બ્રહ્મચર્ય પાળી શકે, તેથી વિપરીત વર્તે તો ન પાળી શકે.

૬૮. સર્વત્ર બધા પદાર્થોમાં મમતારહિત મુનિ સ્વાધીન હોય છે, પણ તે જો સાધ્વીના પાસમાં બંધાયેલ હોય તો પરાધીન થઈ જાય છે.

૬૯. લીંટમાં પડેલ માખી છૂટી ન શકે, તેમ સાધ્વીને અનુસરનાર સાધુ પણ છૂટો થઈ શકતો નથી.

૭૦. આ જગતમાં અવિધિએ સાધ્વીને અનુસરતા સાધુને તેના સમાન બીજું કોઈ બંધન નથી. સાધ્વીને ધર્મમાં સ્થાપન કરનાર સાધુને એના સમાન નિર્જરા નથી.

૭૧. વચનમાત્રથી પણ ચારિત્રથી ભ્રષ્ટ થયેલા બહુલબ્ધિક સાધુને પણ જ્યાં વિધિપૂર્વક ગુરુથી નિગ્રહ કરાય તે ગચ્છ છે.

ગાથા–૭૨ થી ૭૪

૭૨. જે ગચ્છમાં સંનિધિ, ઔદ્દેશિક, અભ્યાહૃત, પૂતિકર્મ આદિના નામ લેવામાં પણ ભય પામે, પાત્ર આદિ સાફ કરવારૂપ કલ્પ અને અપાનાદિ ધોવા રૂપ ત્રેપમાં સાવધાન હોય.

૭૩. મૃદુ, નિશ્ચળચિત્ત, હાસ્ય-મશ્કરી રહિત, વિકથામુક્ત, વણવિચાર્યુ ન કરનાર, ગૌચરભૂમિ અર્થે વિચરે છે.

૭૪. તેવા મુનિ વિવિધ અભિગ્રહ, દુષ્કર પ્રાયશ્ચિત્ત આચરનારા હોય, દેવેન્દ્રોને પણ આશ્ચર્યકારી એવા તે ગચ્છને ગચ્છ જાણ.

ગાથા–૭૫

પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ, વનસ્પતિ તથા વિવિધ જીવોને મરણાંતે પણ જેમાં મનથી પીડા ન કરાય, તેને ગચ્છ જાણવો.

ગાથા–૭૬

ખજૂરીપત્ર અને મુંજથી (સાવરણીથી) જે ઉપાશ્રયને સાફ કરે છે, તેને જીવોની કોઈ દયા નથી તેમ હે ગૌતમ !

તે તું સારી રીતે જાણ.

**ગાથા-૭૭, ૭૮**

૭૭. ગ્રીષ્માદિમાં તૃષાથી પ્રાણ સોસાઈ જાય, મરણ આવે તો પણ બહારના સચિત્ત પાણીનું બિંદુ માત્ર પણ ગ્રહણ ન કરે.

૭૮.વળી જેમાં અપવાદ માર્ગે પણ હંમેશાં અચિત્ત-નિર્જીવ પાણી સમ્યક્ રીતે આગમવિધિથી ઇચ્છાય તેને ગચ્છ જાણવો.

**ગાથા-૭૯, ૮૦**

૭૯. શૂળ, વિશુચિકા આદિમાંનો કોઈપણ વિચિત્ર રોગ ઉત્પન્ન થતાં જે ગચ્છમાં મુનિ અગ્નિ આદિ ન સળગાવે, તે ગચ્છ છે.

૮૦. પરંતુ અપવાદ પદે સારૂપિક(સફેદ વસ્ત્રધારી આદિ) કે શ્રાવિકાદિ પાસે યતનાથી તેમ કરાવે તો તેને ગચ્છ જાણવો.

**ગાથા-૮૧, ૮૨**

૮૧. પુષ્પ, બીજ, ત્વચા આદિ વિવિધ જીવોનો સંઘટ્ટ, પરિતાપન, જ્યાં ન કરાય તે ગચ્છ છે.

૮૨. હાસ્ય, ક્રીડા, કંદર્પ, નાસ્તિકવાદ જ્યાં ન કરાય, અકાળે ધોવણ, ડેવણ, લંઘણ, વસ્ત્ર-પાર આદિની મમતા, અવર્ણોચ્ચારણ જ્યાં ન કરાય તે ગચ્છ જાણવો.

**ગાથા-૮૩, ૮૪**

૮૩. જે ગચ્છમાં કારણે વસ્ત્રાદિના અંતરે પણ સ્ત્રીના હાથ આદિનો સ્પર્શ, દષ્ટિવિષ સર્પ અને બળતા અગ્નિ માફક તજી દેવાનો હોય તે ગચ્છ જાણવો.

૮૪ બાલિકા, વૃદ્ધા, પુત્રી, પૌત્રી, બહેન આદિના શરીરનો થોડો પણ સ્પર્શ જે ગચ્છમાં ન કરાય, હે ગૌતમ ! તે જ ગચ્છ છે.

**ગાથા-૮૫, ૮૬**

૮૫. સાધુ વેષધારી મુનિ જો સ્વયં સ્ત્રીના હાથનો સ્પર્શ કરે તો નિશ્ચયથી તેને મૂળગુણ ભ્રષ્ટ ગચ્છ જાણવો. અપવાદે પણ આગમમાં સ્પર્શ નિષેધ્યો છે,

૮૬. પરંતુ જો દિક્ષાનો અંતાદિ ઉત્પન્ન થાય તો આગમોક્ત વિધિ જાણનાર સ્પર્શ કરે, તો ગચ્છ જાણવો.

**ગાથા-૮૭**

ઘણા ગુણોથી યુક્ત હોય, લબ્ધિસંપન્ન હોય, ઉત્તમ કુળમાં જન્મેલ હોય એવા મુનિ પણ જો મૂળગુણથી રહિત હોય તો તેને ગચ્છમાંથી કાઢી મૂકવા.

**ગાથા-૮૮, ૮૯**

૮૮. જે ગચ્છમાં સોનું, રૂપું, ધન, ધાન્ય, કાંસુ, તાંબુ, સ્ફટિક, શયન, આસન અને સચ્છિદ્ર વસ્તુનો ઉપભોગ થતો હોય,

૮૯. જે ગચ્છમાં મુનિને યોગ્ય શ્વેત વસ્ત્ર છોડીને લાલ-પીળા વસ્ત્રોનો ઉપયોગ થતો હોય, તે ગચ્છમાં મર્યાદા ક્યાંથી હોય ?

**ગાથા-૯૦**

જે ગચ્છમાં કોઈએ કારણે આપેલ બીજાનું સોનું-રૂપું હોય તો પણ અર્ધ નિમેષમાત્ર પણ ન સ્પર્શે, તેને હે ગીતમ ! તું ગચ્છ જાણ.

ગાથા–૯૧

જે ગચ્છમાં સાધ્વીએ મેળવેલ વિવિધ ઉપકરણ અને પાત્રા આદિ સાધુઓ કારણ વિના પણ ભોગવે, હે ગૌતમ ! તે કેવો ગચ્છ ?

ગાથા–૯૨

બળ અને બુદ્ધિને વધારનાર, પુષ્ટિકારક, અતિદુર્લભ એવું પણ ભૈષજ્ય સાધ્વીએ પ્રાપ્ત કરેલું સાધુ ભોગવે, તે ગચ્છમાં મર્યાદા ક્યાંથી હોય ?

ગાથા–૯૩

જે ગચ્છમાં એકલો સાધુ એકલી સ્ત્રી સાથે રહે, તેને અમે વિશેષે કરીને મર્યાદારહિત ગચ્છ કહેલ છે.

ગાથા–૯૪

દૃઢ ચારિત્રી, નિર્લોભી, ગ્રાહ્ય વચના, ગુણરાશિ એવી મહત્તરા સાધ્વીને પણ જે ગચ્છમાં એકલો સાધુ ભણાવે, તે અનાચાર છે, તે ગચ્છ છે જ નહીં.

ગાથા–૯૫, ૯૬

૯૫. મેઘની ગર્જના, ઘોડાના પેટમાં રહેલ વાયુ અને વિદ્યુતની જેમ દુર્ગ્રાહ્ય ગૂઢ હૃદયી આર્યાઓ જે ગચ્છમાં અટકાવ રહિત અકાર્ય કરતી હોય, તથા

જે ગચ્છમાં સમુદ્દેશકાળમાં સાધુની માંડલીમાં આર્યાઓ પગ મૂકે છે, તે હે ગૌતમ ! સ્ત્રી રાજ્ય છે, ગચ્છ નથી.

ગાથા–૯૭ થી ૯૯

૯૭. સુખે બેઠેલા પંગુ માણસની જેમ જે મુનિના કષાયો બીજાના કષાયો વડે પણ ઉદ્દીપન ન થાય તેને ગચ્છ જાણવો.

૯૮. ધર્મના અંતરાયથી ભય પામેલા અને સંસારમાં રહેવાથી ભય પામેલા મુનિઓ, મુનિના ક્રોધાદિ કષાય ન ઉદીરે તે ગચ્છ જાણવો.

૯૯. કારણો કે કારણ વિના મુનિને કષાયનો ઉદય થાય, તે ઉદયને રોકે અને પછી ખમાવે, હે ગૌતમ ! તેને ગચ્છ જાણવો.

ગાથા–૧૦૦

દાન, શીલ, તપ અને ભાવ એ ચતુર્વિધ ધર્માંતરાયથી ભય પામેલા ગીતાર્થ સાધુ જે ગચ્છમાં ઘણા હોય, હે ગૌતમ ! તેને ગચ્છ કહેવો.

ગાથા–૧૦૧, ૧૦૨

૧૦૧. જે ગચ્છમાં હે ગૌતમ ! ઘંટી આદિ પાંચ વધસ્થાનમાંથી કોઈ એક હોય, તે ગચ્છને ત્રિવિધે વોસીરાવી, અન્ય કોઈ સારા ગચ્છમાં જવું.

૧૦૨. ખાંડવા આદિ આરંભમાં પ્રવર્તેલ અને ઉજ્જ્વળ વેશ ધારણ કરનાર ગચ્છની સેવા ન કરવી. ચારિત્ર ગુણોથી ઉજ્જ્વળ હોય તેની સેવા કરવી.

ગાથા–૧૦૩

જે ગચ્છમાં મુનિ ક્રય-વિક્રય આદિ કરે–કરાવે છે તે સંયમ ભ્રષ્ટ જાણવા. હે ગુણસાગર ગૌતમ !! તેવા ગચ્છને વિષની જેમ દૂરથી તજવો.

ગાથા–૧૦૪, ૧૦૫

૧૦૪. આરંભમાં આસક્ત, સિદ્ધાંતથી પરાઙ્મુખ, વિષયગૃદ્ધ, મુનિનો સંગ છોડીને સુવિહિતો મધ્યે વસવું.

૧૦૫. સન્માર્ગ પ્રતિષ્ઠિત ગચ્છને સમ્યક્ રીતે જોઈને તેવા સન્માર્ગગામી ગચ્છમાં પક્ષ, માસ કે જાવજ્જીવ માટે રહેવું.

**ગાથા–૧૦૬, ૧૦૭**

૧૦૬. જે ગચ્છમાં ક્ષુલ્લક કે શૈક્ષ(નવ દીક્ષિત સાધુ) કે એકલો તરુણ સાધુ રક્ષણ કરતો હોય, તે ગચ્છમાં મર્યાદા ક્યાંથી હોય?

૧૦૭. જે ગચ્છમાં એક ક્ષુલ્લિકા, નવ દીક્ષિતા કે તરુણી સાધ્વી વસતીનું રક્ષણ કરે, તે વિહારમાં બ્રહ્મચર્યની શુદ્ધિ ક્યાંથી હોય ?

**ગાથા–૧૦૮ થી ૧૧૦**

૧૦૮. જે ગચ્છમાં રાત્રિના એકલી સાધ્વી બે હાથ માત્ર પણ ઉપાશ્રય બહાર જાય, તે ગચ્છમાં મર્યાદા ક્યાંથી હોય ? અર્થાત ન જ હોય.

૧૦૯. જ્યાં એકલી સાધ્વી પોતાના બંધુ મુનિ એવા સાધુ સાથે પણ બોલે, તો હે સૌમ્ય ! તે ગચ્છને તારે ગુણહીન જાણવો.

૧૧૦. જે ગચ્છમાં સાધ્વી જકાર, મકારાદિ શબ્દો ગૃહસ્થ સમક્ષ બોલે, તે સાધ્વી પોતાના આત્માને પ્રત્યક્ષ સંસારમાં નાંખે છે.

**ગાથા–૧૧૧ થી ૧૧૩**

૧૧૧. જે ગચ્છમાં સાધ્વી ગૃહસ્થ જેવી સાવદ્ય ભાષા બોલે, તે ગચ્છને હે ગુણસાગર ગૌતમ ! તું શ્રમણ ગુણ રહિત જાણ.

૧૧૨. જે સાધ્વી સ્વ ઉચિત શ્વેત વસ્ત્રોનો ત્યાગ કરીને વિવિધ રંગી વિચિત્ર વસ્ત્ર અને પાત્રનું સેવન કરે છે, તેને સાધ્વી ન કહેવી.

૧૧૩. વળી જે સાધ્વી ગૃહસ્થના શીવણ-તુણન-ભરણ આદિ કરે છે, પોતાને કે પરને તેલ આદિનું ઉદ્વર્તન કરે છે, તેને સાધ્વી કહેલ નથી.

**ગાથા–૧૧૪, ૧૧૫**

૧૧૪. વિલાસયુક્ત ગતિથી ગમન કરે, રૂની તળાઈમાં અને ઓશિકાપૂર્વક શયન કરે, તેલ આદિથી શરીરનું ઉદ્વર્તન કરે, જે સ્નાનાદિથી વિભૂષા કરે, (તથા)

૧૧૫. ગૃહસ્થના ઘેર જઈ કથા-વાર્તા કરે, યુવાન પુરુષોના આગમનને અભિનંદે, તે સાધ્વીને જરૂર શત્રુ સમાન જાણવી.

**ગાથા–૧૧૬**

વૃદ્ધ કે યુવાન પુરુષો પાસે(સન્મુખ) રાત્રે જે સાધ્વી ધર્મ કહે છે, તે સાધ્વીને પણ હે ગુણસાગર ગૌતમ ! ગચ્છની શત્રુ જાણવી.

**ગાથા–૧૧૭**

જે ગચ્છમાં સાધ્વી પરસ્પર કલહ ન કરે, ગૃહસ્થ જેવી સાવદ્ય ભાષા ન બોલે, તે ગચ્છને હે ગૌતમ ! તારે શ્રેષ્ઠ ગચ્છ જાણવો.

**ગાથા–૧૧૮ થી ૧૨૨**

જે જેટલા થયા હોય તેટલા દૈવસિક કે પાક્ષિક અતિચાર ન આલોચે,

મહત્તરિકાની આજ્ઞામાં ન રહે. નિમિત્તાદિનો પ્રયોગ કરે,

ગ્લાન-શૈક્ષાદિને વસ્ત્રાદિથી પ્રસન્ન કરે, અનાગાઢને આગાઢ કરે, આગાઢને અનાગાઢ કરે.
અજયણાથી ગમન કરે, (તેમજ) પ્રાહુણા સાધ્વીનું વાત્સલ્ય ન કરે,
વિવિધ રંગી વસ્ત્રો વાપરે, વિચિત્ર એવા રજોહરણ વાપરે.
ગતિ વિભ્રમાદિથી આકારનો વિકાર એવી રીતે પ્રગટ કરે કે જેથી યુવાનો તો શું વૃદ્ધોને પણ મોહોદય થાય.
મુખ, નયન, હાથ, પગ, કક્ષા આદિ વારંવાર ધૂવે છે,
વસંતાદિ રંગના સમૂહથી બાળકોની પણ શ્રોત્રાદિ ઈન્દ્રિયોને હરી લે.
આવી સાધ્વીઓ સ્વેચ્છાચારી જાણવી.

**ગાથા–૧૨૩**

જે ગચ્છમાં સ્થવિરા પછી તરુણી, તરુણી પછી સ્થવિરા એકૈકના અંતરે સૂવે છે, તે ગચ્છને ઉત્તમ જ્ઞાન અને ચારિત્રનો આધારરૂપ જાણવો.

**ગાથા–૧૨૪ થી ૧૨૬**

૧૨૪. જે સાધ્વી કંઠપ્રદેશને પાણીથી ધૂવે, ગૃહસ્થોના મોતી આદિ પરોવે, બાળકો માટે વસ્ત્ર આપે, ઔષધ-જડીબુટ્ટી આપે, ગૃહસ્થોની કાર્ય ચિંતા કરે.

૧૨૫. જે સાધ્વી હાથી-ઘોડા-ગધેડા આદિના સ્થાને જાય કે તેઓ તેમના સ્થાને આવે, વેશ્યા સ્ત્રીનો સંગ કરે, જેનો ઉપાશ્રય વેશ્યા ગૃહ સમીપે હોય તેને સાધ્વી ન કહેવી

૧૨૬. તથા સ્વાધ્યાય યોગથી મુક્ત, ધર્મકથામાં વિકથા કરે, ગૃહસ્થોને વિવિધ પ્રેરણા કરે, ગૃહસ્થના આસને બેસે અને ગૃહસ્થોનો પરિચય કરે. તેને હે ગૌતમ ! સાધ્વી ન કહેવી.

**ગાથા–૧૨૭, ૧૨૮**

૧૨૭. પોતાની શિષ્યાઓ તથા પ્રાતીચ્છિકાઓને સમાન ગણનાર, પ્રેરણા કરવામાં આળસરહિત, પ્રશસ્ત પુરુષોને અનુસરનારી, એવી મહત્તરા સાધ્વી ગુણસંપન્ન જાણવી.

૧૨૮. ભીત પર્ષદાવાળી, કારણે ઉગ્ર દંડ આપનારી, સ્વાધ્યાય અને ધ્યાનમાં યુક્ત, શિષ્યાદિના સંગ્રહમાં કુશળ એવી સાધ્વી પ્રવર્તીની પદને યોગ્ય છે.

**ગાથા–૧૨૯**

જે ગચ્છમાં વૃદ્ધા સાધ્વી કોપાયમાન થઈને સાધુની સાથે ઉત્તર-પ્રત્યુત્તર વડે મોટેથી પ્રલાપ કરે છે, તેવા ગચ્છથી હે ગૌતમ ! શું પ્રયોજન છે ?

**ગાથા–૧૩૦, ૧૩૧**

૧૩૦. હે ગૌતમ ! જે ગચ્છમાં સાધ્વીઓ કારણ ઉત્પન્ન થતા મહત્તરા સાધ્વીની પાછળ ઊભા રહીને મૃદુ શબ્દો બોલે છે. તે જ વાસ્તવિક ગચ્છ છે.

૧૩૧. વળી માતા, પુત્રી, સ્નુષા કે ભગિની આદિ વચન ગુપ્તિનો ભંગ જે ગચ્છમાં સાધ્વી ન કરે તે જ ગચ્છ સાચો ગચ્છ જાણવો.

**ગાથા–૧૩૨, ૧૩૩**

૧૩૨. જે સાધ્વી દર્શનાચાર લગાડે, ચારિત્રના નાશ અને મિથ્યાત્વ ઉત્પન્ન કરે, બંને વર્ગના વિહારની મર્યાદાનું ઉલ્લંઘન કરે તે સાધ્વી નથી.

૧૩૩. ધર્મોપદેશ સિવાયનું વચન સંસારમૂલક હોવાથી તેવી સાધ્વી સંસાર વધારે છે. માટે હે ગૌતમ ! ધર્મોપદેશ મૂકીને બીજું વચન સાધ્વીઓએ ન બોલવું.

ગાથા–૧૩૪

એકૈક મહિને એક જ કણથી જે સાધ્વી તપનું પારણું કરતા હોય, તેવા સાધ્વી પણ જો ગૃહસ્થની સાવદ્ય ભાષાથી કલહ કરે તો તેનું તે સર્વ અનુષ્ઠાન નિરર્થક છે.

ગાથા–૧૩૫ થી ૧૩૭

૧૩૫. મહાનિશીથ કલ્પ અને વ્યવહારભાષ્યમાંથી સાધુ-સાધ્વીને માટે આ ગચ્છાચાર પ્રકરણ ઉદ્ધૃત છે.

૧૩૬. પ્રધાન શ્રુતના રહસ્યભૂત એવું આ અતિ ઉત્તમ ગચ્છાચાર પ્રકરણ અસ્વાધ્યાય કાળ વર્જીને સાધુ-સાધ્વીઓએ ભણવુ.

૧૩૭. આ ગચ્છાચાર સાધુ-સાધ્વીઓએ ગુરુમુખે વિધિપૂર્વક સાંભળીને કે ભણીને આત્મહિત ઈચ્છનારાએ જેમ અહીં કહ્યું છે, તેમ કરવું.

## ગચ્છાચાર–પ્રકીર્ણક સૂત્ર–૭/૧નો
## મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**-1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**-2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [४] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [५] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| | મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

**बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः**

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

आगम- ३०/१

# ગચ્છાચાર

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397